


# એક મુલાકાત

**નવલિકા**

**▪ ક્રિષ્ના કાપડિયા**

લાવણ્યા આજે કામમાં ઘણી વ્યસ્ત છે. સાંજે અક્ષતનો ફોન આવ્યો,''આવતી કાલે આપણે બંનેએ મુંબઈ જવાનું છે. મારા ખાસ મિત્રના પિતાની તબિયત સારી નથી. એમને મળીને તે જ દિવસે રાત્રે સુરત પાછા આવી જઈશું.'' અક્ષતની વાત સાંભળીને લાવણ્યા મુંબઈ જવા તૈયાર તો થઇ ગઈ પણ બંને બાળકોને સાથે લઈ જવાનાં ન હતાં તો તેમને અહીં કોણ જોશે? એ વિચારવા લાગી.

લાવણ્યાએ તેનાં સાસુને વાત કરી. ''જો લાવણ્યા, ક્યારેક તું અને અક્ષત પણ સાથે બહાર જાઓ. એક રીતે આ સારું જ થયું. કબીરના આવ્યા પછી તમે બંને એકબીજાને સમય આપી શકતા નથી, એ સ્વાભાવિક છે. બાળકોમાંથી સમય કાઢીને તમે બંને એકબીજાની સાથે થોડો સમય આ રીતે વિતાવી શકશો. તું તારે નિશ્ચિંત થઈને જા. કબીર અને કાવ્યા બંનેને હું સંભાળી લઈશ.''

સાસુની વાત સાંભળીને લાવણ્યાને થોડી રાહત તો થઇ પરંતુ હજી પણ જવા માટે થોડો ખંચકાટ થતો હતો. છતાં તે કંઈ બોલી નહિ પરંતુ તેનાં પ્રેમાળ સાસુ તરત સમજી ગયાં. તેમણે લાવણ્યને પાસે બેસાડી. ''સતત ચાર વર્ષ સુધી બાળકોને જ સમય આપ્યો હોય ત્યારે તેમને એક દિવસ માટે પણ છોડીને જવું થોડું અઘરું લાગે છે.''

''પણ મમ્મી, શું બાળકો મારા વગર રહેશે?'' લાવણ્યાએ શંકા જતાવી.

''હા ચોક્કસ, ફક્ત એક જ દિવસની તો વાત છે. શા માટે આટલી ચિંતા કરે છે?''

''પરંતુ મમ્મી .....'' લાવણ્યા કંઈક કહે તે પહેલાં તેમણે તેને અટકાવીને કહ્યું, ''તું જવાની તૈયારી કર . અહીં હું સંભાળી લઈશ.''

લાવણ્યા ફટાફટ કામ કરવા લાગી. રાતની રસોઈ, આવતી કાલની જવાની તૈયારી, બાળકો માટે તેમને મનગમતો નાસ્તો બનાવ્યો, અક્ષતના મિત્રના ઘરે લઈ જવાની વસ્તુઓ તૈયાર કરી. આ બધું કામ પૂરું કરીને લાવણ્યા થાકીને નિરાંતે જરા બેઠી અને અક્ષત ઘરે આવ્યો. ''આજે મોડી રાતની ટ્રેન છે. તૈયારી કરી રાખજે.''

''હા, તૈયારી થઇ ગઈ છે'' લાવણ્યાએ તરત જવાબ આપ્યો.

બાળકોને સુવડાવ્યાં પછી લાવણ્યાને જરા સંગીત સાંભળવાનું મન થયું. તેણે પોતાના મોબાઈલમાં ગીત મૂક્યું, 'દિવસો જુદાઈના જાય છે, એ જશે જરૂર મિલન સુધી... મારો હાથ...' અક્ષત અધવચ્ચે જ બોલ્યો ''કેમ અત્યારે રડવા બેઠી? કંઈક બીજું સાંભળ.'' એમ કહીને અક્ષતે પોતાની પસંદનું ગીત મૂકી દીધું. એક ફાસ્ટ ટ્રેક સોંગ. અક્ષત અને લાવણ્યાની પસંદ એકબીજાથી તદ્દન અલગ પણ કહેવાય ને 'opposite attracts' એવો એમનો સંબંધ.

અક્ષત અને લાવણ્યા મુંબઈ પહોંચ્યાં. તેમના મિત્રના ઘરે ગયાં, તેમના પિતાને મળ્યાં. બપોર સુધી બંને ત્યાં જ રોકાયાં. સાંજની પાછી ટ્રેન હતી. લાવણ્યાને ઊંઘ આવતી હતી પરંતુ સ્ટેશન સમયસર પહોંચવું જરૂરી હતું. તેઓ તરત નીકળ્યાં અને ટ્રેન પકડી. ''બસ, હવે હું થાકી ગઈ. ક્યારે સુરત પહોંચીએ અને ઘરે જઈને હું સૂઈ જાઉં'' લાવણ્યા બોલી. એટલામાં તેમની સામેની સીટ પર ૩૫ થી ૪૦ની ઉંમરના ત્રણ માણસો આવીને બેઠા. એ એમની સીટ હતી. પોતાનો સામાન વ્યવસ્થિત ગોઠવીને નિરાંતે હાથમાં નાનકડું ઢોલ લઈને બેઠાં. એકના હાથમાં ખંજરી પણ હતી. લાવણ્યાને માણસો થોડા રસપ્રદ લાગ્યા. તે એ લોકોને ધ્યાનથી જોવા લાગી. એક માણસે ઢોલ પર તાલ આપી, બીજાએ ખંજરી વગાડી અને ત્રીજાએ સૂર લગાવ્યો અને પછી તો એક પછી એક ગીતોની રમઝટ ચાલુ થઇ ગઈ. લાવણ્યાને તો સાંભળવાની મજા પડી ગઈ. અક્ષત ઘડીક વાર મોબાઈલ જોતો તો ક્યારેક ટ્રેનના દરવાજા પાસે જઈને ઊભો રહેતો. દેખીતું હતું કે અક્ષતને આ માણસોનાં ગીત - સંગીતમાં રસ પડતો ન હતો પરંતુ લાવણ્યા તો તેમને જોયા જ કરતી હતી. લાવણ્યાને આ રીતે જોતા તેમણે લાવણ્યાને પૂછ્યું,''તમે ગાવાનો શોખ રાખો છો?''

''હા.''

**લાવણ્યા કંઇક કહે તે પહેલાં તેમણે તેને અટકાવીને કહ્યું, ''તું જવાની તૈયારી કર . અહીં હું સંભાળી લઈશ.''લાવણ્યા ફટાફટ કામ કરવા લાગી. રાતની રસોઈ, આવતી કાલની જવાની તૈયારી, બાળકો માટે તેમને મનગમતો નાસ્તો બનાવ્યો, અક્ષતના મિત્રના ઘરે લઇ જવાની વસ્તુઓ તૈયાર કરી.**

''તો પછી તમે પણ તમારી પસંદનું ગીત ગાઓ'' અને લાવણ્યાએ ગીત ગાયું,

'નયનને બંધ રાખીને મેં જયારે તમને જોયા છે... તમે છો એના કરતાં પણ વધારે તમને જોયા છે..'

લાવણ્યાનો મધુર અવાજ અને ગીત સાંભળીને એ લોકોએ તેને બીજું ગીત ગાવાનું કહ્યું અને પછી તો લાવણ્યા રંગમાં આવી ગઈ. અક્ષતે પહેલી વાર લાવણ્યાને આટલું ગાતા સાંભળી હશે. સુરતના ઘરમાં રહેતી, સતત કામમાં વ્યસ્ત રહેતી લાવણ્યા આજે તેને અલગ લાગી. કદાચ તે પહેલાં પણ આ લાવણ્યાને મળી ચૂક્યો છે. હા, લગ્ન પહેલાં જયારે તેણે લાવણ્યાને પહેલી વાર જોઈ હતી ત્યારે તે આવી જ ખુશમિજાજ અને બિન્દાસ હતી. અક્ષતને આજે ફરી લાવણ્યાના ચહેરા પર યુવાનીની મસ્તી અને ચમક દેખાઈ હતી.

લાવણ્યાને તેના અસલ રૂપમાં જોઈને તે મનોમન ખુશ થયો અને બસ તેને જોતો જ રહી ગયો.

ગીત -સંગીતનો સમય પૂરો થયો. સ્ટેશન નજીક આવતું હતું. લાવણ્યા ચૂપચાપ બારીની બહાર જોયા કરતી હતી....કદાચ પોતાની અંદર જોયા કરતી હતી...''હું કેવી રીતે આટલી બધી બદલાય ગઈ?'' તેને મનમાં સવાલ થતો હતો. પેલા ત્રણમાંથી એક માણસે તેને કહ્યું, ''બેન તમે આટલું સારું ગાઓ છો તો તમારે શોખ તરીકે પણ તે ચાલુ રાખવું જોઈએ. ખરેખર કહું છું.''

લાવણ્યાએ તેની સામે જોયું. તેની આંખના ખૂણા ભીના હતા. પેલા માણસને થયું કે કદાચ તેણે કશું ખોટું કહી દીધું કે શું? એટલે તે આગળ કશું બોલ્યો નહિ. સ્ટેશન પર લાવણ્યા અને અક્ષત તેમ જ પેલા ત્રણ માણસો એકબીજાને 'બાય' કહીને છૂટાં પડ્યાં. લાવણ્યા અને અક્ષત ઘર તરફ આગળ વધતાં હતાં. લાવણ્યા થોડી ઉદાસ હતી, થોડી ખુશ હતી, થોડી હળવી હતી. લગભગ ચાર વર્ષો પછી એ પોતાને મળી હતી. સુરતના ઘરમાં ખોવાયેલી લાવણ્યા અચાનક જ તેને ટ્રેનમાં મળી ગઈ.

---

# રોબોટ ટૂથબ્રશ? !

દાંત સ્વચ્છ અને સ્વસ્થ રાખવા આપણે દિવસમાં બે વાર બ્રશ કરીએ છીએ. જો કે જેને બ્રશ કરવાનો કંટાળો આવતો હોય તો? તેમના માટે હવે જૅપનીઝ નિષ્ણાતોએ એનો ઉપાય પણ શોધી લીધો છે. તેમણે રોબો ટૂથબ્રશ તૈયાર કર્યું છે. આ ઓરલ કેર રોબોટને 'g.eN' નામ આપવામાં આવ્યું છે. એ જપાનની નવી ટેક્નિકનો ભાગ છે. જપાનની ટીમે એને દુનિયાનો 'પહેલો ઓરલ કેર રોબોટ' ગણાવ્યો છે. આ મશીન મોંમાં મૂકી દેતાં એક જ મિનિટમાં ચારે બાજુથી દાંત અને જીભને સાફસૂથરાં કરી નાખશે. આ રોબોટિક ટૂથબ્રશની અંદર બીજાં નાનાં 16 બ્રશ હેડ છે જે બધા દાંતને ઉપર-નીચે, ડાબે-જમણે અને આગળ-પાછળ એક જ સમયે બધા ઍંગલથી સાફ કરે છે. એનો ઉપયોગ બિઝી બિઝનેસમેનથી માંડી બાળકો અને વૃદ્ધો સુધી અને વિકલાંગ લોકો સહેલાઈથી કરી શકે છે. 220 ગ્રામનું આ ટૂથબ્રશ મોબાઈલના USB ટાઈપ C ચાર્જિંગ કેબલથી ચાર્જ પણ થઈ શકે છે. એમાં 'ઈઝી', 'મેટીકલસ', 'ઈન્ટેન્સિવ કેર' અને 'બાળકો' જેવા અલગ અલગ મોડ પણ છે.

હવે તો આ ટૂથબ્રશની પેટન્ટ પણ બની ગઈ છે અને ક્રાઉડ-ફન્ડિંગ ચાલુ થઈ ગયું છે. આ બ્રશ 31,000 જૅપનીઝ યેન એટલે કે લગભગ 17850 રૂપિયામાં ખરીદી શકાય છે.

